નવી બાબત – ૨૦૧૫-૧૬
સુરત ગ્રામ્ય અને દાહોદ એલ.સી.બી. માટે
ખુટતું મહેકમ મંજુર કરવા બાબત.(આયોજન)

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૪/૪૮૦૧/સ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : 29 APR 2015

**વંચાણે લીધા:–**

(૧)) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીનો તા.૧૯/૧૨/૨૦૧૪ નો પત્ર ક્રમાંક : ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫–૧૬ /૨૩૬૦/૨૦૧૪

(૨) અંદાજપત્ર ૨૦૧૫–૧૬ ના અંદાજપત્ર પ્રકાશન નં.૧૨, પાના.૧૬૬

**ઠરાવ:–**

સુરત જિલ્લાનો વિસ્તાર ઔદ્યોગિક દ્રષ્ટિએ ખૂબ વિશાળ છે અને મોટા પ્રમાણમાં વિકાસ થઈ રહેલ છે તેમજ નાના મોટા ટેક્ષ ટાઈલ ગૃહ ઉદ્યોગો આવેલા છે. પરપ્રાંતિયા લોકો રોજી રોટી માટે આવી સ્થાયી થયેલ છે. જેના કારણે ગુનાના પ્રમાણમાં ખૂબજ વધારો થયેલ છે તેવીજ રીતે દાહોદ જિલ્લો પંચમહાલ જિલ્લાનું વિભાજન થતાં સને ૧૯૯૭ માં અસ્તિત્વમાં આવેલ છે તેમજ મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજયોની સરહદ સાથે જોડાયેલ છે. જિલ્લાના તમામ વિસ્તાર અંતરિયાળ અને ડુંગરાળ હોય સરહદ પારથી ગુનેગારો આવી ધાડલુટ જેવી ચોરીઓ કરી જતાં રહે છે તેમજ ઉકત જિલ્લામાં મોટે ભાગે આદિવાસી વસ્તી છે જે અજ્ઞાનતા તેમજ અંધશ્રધ્ધાને લીધે ગુનાઓ કરવાની ટેવવાળા છે. કેટલાક ગુનેગારો અન્ય જિલ્લામાં જઈ ધાડ, લુંટ જેવા ગુનાઓ કરી આવતા હોય છે જે ધ્યાને લઈ, સુરત અને દાહોદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૧)માં દર્શાવેલ તેઓના તા.૧૯/૧૨/૧૪ ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં સુરત ગ્રામ્ય અને દાહોદ એલ.સી.બી. માટે ખુટતું મહેકમ મંજુર કરવા દરખાસ્ત કરવામાં આવેલ.

ઉકત દખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં નવી સેવા હેઠળ સમાવેશ કરી નીચે દર્શાવેલ વિવિધ સંવર્ગની બંને જિલ્લા માટે કુલ–૨૦ જગ્યાઓ ઉભી કરવા માટે રૂા.૩૬,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા છત્રીસ લાખ પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ છે અને નીચે દર્શાવ્યા મુજબ સુરત ગ્રામ્ય અને દાહોદ જિલ્લા માટે વિવિધ સંવર્ગની કુલ–૨૦ જગ્યાઓ તા.૨૯/૨/૨૦૧૬ સુધીની મુદત માટે ઉભી કરવાની અને ભરવાની વહીવટી મંજુરી આથી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| ક્રમાંક | જગ્યાનો હોદ્દો | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ | ગ્રે પે. |
|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૬ | ૫૨૦૦–૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૨ | બિન હથિયારી એ.એસ.આઈ. | ૧ | ૫૨૦૦–૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૩ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૨ | ૯૩૦૦–૩૪૮૦૦ (ફિકસ ૧૩૭૦૦) | ૪૪૦૦ |
| ૪ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૧ | ૫૨૦૦–૨૦૨૦૦ (ફિકસ ૭૮૦૦) | ૧૮૦૦ |
| | કુલ : | ૨૦ | | |

ઉપરોક્ત મંજુર મહેકમ પૈકી સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને દાહોદ એલ.સી.બી. માટે નીચે મુજબની ફાળવણી કરવામાં આવે છે તે મુજબ ફાળવણી કરવાની રહેશે.

| અ.નં. | સંવર્ગ | સુરત ગ્રામ્ય એલસીબી માટે મંજુર કરેલ મહેકમ | દાહોદ જિલ્લા એલસીબી માટે મંજુર કરેલ મહેકમ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧ | ૧ | ૦૨ |
| ૨ | બિન હથિયારી એ.એસ.આઈ. | ૦ | ૧ | ૦૧ |
| ૩ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૩ | ૩ | ૦૬ |
| ૪ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫ | ૬ | ૧૧ |
| | કુલ : | ૯ | ૧૧ | ૨૦ |

**<u>શરતો :–</u>**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મયાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયોમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર–ધોરણ આર.ઓ.પી. – ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજય સરકાર ધ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કકરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનું ખર્ચ નીચે જણાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનું રહેશે અને વર્ષ ૨૦૧૫–૧૬ ની મંજુર થયેલ ગ્રાંટમાંથી મેળવવાનુ રહેશે.

"મુખ્ય સદર ૨૦૫૫–જિલ્લા પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ – ગૌણ સદર : ૧૦૯–જીલ્લા પોલીસ, પેટા સદર : ૦૧ – MEP - 6 જિલ્લા પોલીસ ખુદ , કોડ નં.૧૧૪૫૦૫ " હેઠળ ઉધારવાનો રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તા.૧૩/૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.બી. ગોસાઈ )
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

– મહામહિમ રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્ર ધ્વારા)
– માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ–૧,સચિવાલય,ગાંધીનગર
– માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર
– પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
– અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ),ગુજરાત રાજય ,ગાંધીનગર
– અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કાયદો અને વ્યવસ્થા),ગુજરાત રાજય ,ગાંધીનગર
– અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો),ગુજરાત રાજય ,ગાંધીનગર
– અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ,સચિવાલય ગાંધીનગર
– મેનેજીગ ડીરેકટરશ્રી,ગુજરાત પોલીસ હાઉસીગ કોર્પોરેશન,ગુજરાત રાજય,ગાંધીનગર
– એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ
– પેન્શન અને પ્રોવિડંડ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર
– પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરત
– રેંન્જ આઈ.જી.પી., સુરત/વડોદરા
– પોલીસ અધિક્ષકશ્રી, દાહોદ
–નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
– નાણાં વિભાગ/ઝ.૧–શાખા,સચિવાલય,ગાંધીનગર
– સેકશન અધિકારીશ્રી,બજેટ–શાખા/બ–શાખા/વ–શાખા,ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર
– શાખા સીલેકટ ફાઈલ.
– નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.
– વર્ષ ૨૦૧૫–૧૬ નવી સેવા બાબત સીલેકટ ફાઈલ.